
॥ હરિ:ૐ ॥



પૂજ્ય શ્રીમોટાનું

# મૌનાર્થીને માર્ગદર્શન

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટાનું

# મૌનાર્થીને માર્ગદર્શન

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત.

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑ **આવૃત્તિ વર્ષ પ્રત**

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૨૦૦૩ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૧૦ | ૫૦૦૦ |

❑ પૃષ્ઠ : ૫૬

❑ કિંમત : **રૂ. ૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાને અમદાવાદના સ્વજન શ્રી જયંતીભાઈ જાનીએ શ્રીસદ્‌ગુરુરૂપે સ્વીકારતાં, **આશ્રમ માટે નાણાં ઉઘરાવવા** અને **સ્વજનોને નામસ્મરણનો ચેપ લગાડવા તેઓને આદેશ આપ્યો હતો.** શ્રી જયંતીભાઈને એકનિષ્ઠાથી આ આદેશનું પાલન કરવામાં સામાજિક, કૌટુંબિક અને આર્થિક ક્ષેત્રે જે ભારણ રહે તેમાંથી શક્ય તેટલી હળવાશ, શ્રીસદ્‌ગુરુની કૃપાસહાયથી જેઓ આપતાં રહેલાં, એવાં તેમનાં ધર્મપત્ની

સદ્‌ગત **શ્રી ઊર્મિલાબહેન જયંતીભાઈ જાનીને** '*પૂજ્ય શ્રીમોટાનું મૌનાર્થીને માર્ગદર્શન*'ની આ બીજી આવૃત્તિ સમર્પિત કરતાં અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા
તા. ૨૫-૭-૨૦૧૦

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

સને ૧૯૫૩-૧૯૫૪માં પૂજ્ય શ્રીમોટાએ મૌનમાં બેઠેલાં કેટલાંક સ્વજનોને પત્રો લખ્યા હતા, જેમાં મુખ્યત્વે શ્રી ભીખુકાકા હતા, તે પત્રોની પ્રથમ આવૃત્તિ **'પૂજ્ય શ્રીમોટાનું મૌનાર્થીને માર્ગદર્શન'**ના નામે સને ૨૦૦૩ હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા પ્રકાશિત થઈ હતી.

આ પ્રકાશનની પ્રતો હાલ ઉપલબ્ધ ન હોવાથી અમદાવાદ નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી જયંતીભાઈ જાનીના સહયોગથી આ બીજી આવૃત્તિનું પ્રકાશન અમો કરી રહ્યા છીએ. આ માટે શ્રી જયંતીભાઈ જાની અને તેમના પરિવાર પ્રત્યે અમો આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આ પુસ્તિકાની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તિકાને પૂરા સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ગુરુપૂર્ણિમા — **ટ્રસ્ટીમંડળ,**

તા. ૨૫-૭-૨૦૧૦ — હરિઃૐ આશ્રમ, સુરત

ટ્રિચિ, ।હરિઃૐ। તા. ૩-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો દિલથી વેદનાભર્યો કાગળ મળ્યો છે. શ્રાવણ સુદ એકમથી તમે મૌન સાબરમતી જઈને લઈ શકો છો. વિદ્યાબહેન તેમાં જરૂર સંમતિ આપશે જ. અહીં મારું શરીર ઠીક નથી રહેતું. તેથી દવા કાજે આવેલ છું. અહીં એક ડૉક્ટરની સાથે એવો પ્રેમભાવ-સંબંધ છે, જેથી તેઓ ભાવથી દવાદારૂ કરે છે. દસબાર દિવસ અહીં રહેવાનું થાય તેમ છે. જમવાનું થોડામાં થોડું રાખશોજી. પેટ જેટલું હળવું રાખશો તેટલો ફાયદો છે. બપોરે કલાક દોઢ કલાકથી વધારે વાંચવાનું ન કરવું. ગઈ વખતે તમે તે નિયમનો ભંગ કરેલ, તેવું આ વખતે ન કરવું. નંદુભાઈનાં નિવેદનો બધાં વાંચી જશોજી. બને તેટલી આપણે ધીરજ-શાંતિ રાખ્યા કરવી, તેથી ક્રોધ ઉપર કાબૂ આવી શકે. જે સહન કરવાનું આવે તે કંઈ આપણને એકલાને થોડું જ હોય છે ? આપણાથી બીજાને પણ સહન કરવાનું થતું જ હશેને ? જો તે વિચારવાનું બને તો આપણી સાન ઠેકાણે રહી શકે. સહુ એકબીજા પોતપોતાનાં કર્મનાં પરિણામે મળેલાં છે. કોઈનોય દોષ ન જોવામાં કે ન કાઢવામાં સાર છે. પ્રભુસ્મરણમાં મસ્ત રહેવું. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

ટ્રિચિ,                    । હરિઃૐ ।                    તા. ૭-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા.૩-૮નો કાગળ મળ્યો છે. તમે જે ચોપડીઓ સાથે વાંચવા રાખવાના છો, તે સાથે **'જીવનસોપાન'**, **'જીવનપ્રવેશ'** એ પણ રાખશોજી.

હેમંતભાઈનું શરીર માંદું છે. તેથી, તે કશું કામ કરી શકે તેમ નથી. તેથી, તે કાંતાબહેનને ખાવા કરવાનું કામ રહ્યું. તે માણસ નવો ત્યાં આવેલ છે. એટલે મળમૂત્રનાં ટબ વગેરે સાફ કરવાને તે પહોંચી ન વળે, તે કાજે બીજી વ્યવસ્થા જોશી સાહેબ મારફતે કરી લેશો અને તેની રકમ જે થાય તે આપણે દેવાની રહેશે, તે જાણશોજી.

મૌનમાં પોત પોતાને અંતરમાં ખોજવાનો છે. પોતાનાં અને પોતાની પ્રકૃતિનાં જે દર્શન થાય છે, એનાથી જીવનને વાળવાને પ્રભુકૃપાથી જે જહેમત ઉઠાવવાની છે, તેમાં મનને લગાડવાનું રહે છે. મનને જ્યાં ત્યાંથી કરીને લગની લાગે તે જરૂરનું છે. મન પોતાને અનુભવે ત્યાં કામ મળી જાય. માટે અંદર એક પળ પણ નકામી ન ખોશોજી. જીવપણે અંદર ન વર્તશો. જેને દોરવનાર ગણ્યો છે, તેના હૃદયમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંને પ્રેરવતા રહેશોજી. તમે જે કાગળ લખો કરો તે કુંભકોણમ્ લખશો. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

પ્રિય ભાઈશ્રી

પ્રતાપભાઈનો તા.૨૩-૭નો કાગળ નથી, પણ દત્તુભાઈએ લખેલ કાગળ છે અને તેમાં કાવ્ય છે. તેનો જવાબ તો મેં દત્તુભાઈને વાળેલ છે. કૃપા કરી ઘણી વિનંતી કરી લખું છું કે તમને રુચે અને મન પાછું ન પડે તેવી રીતે આનંદ પ્રેમભાવથી તમને ગમે તે રચનાત્મક કર્મમાં પળેપળ પરોવાયેલા રહ્યા કરશો. એ ફરી ફરી પ્રાર્થના છે. તેમાંથી જયવારો થવાનો છે. એ જ. ❑

ટ્રિચિ, ।હરિઃૐ। તા. ૧૦-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૬-૮નો કાગળ મળી ગયો છે. તમે તમારાં નિવેદનના કાગળ ભાઈ નંદલાલ ઉપર લખશો અને તેઓ તમને નિયમિત જવાબ વાળે તેમ જરૂર લખશોજી. હું તો ત્યાં છું જ અને તમારાં નિવેદનો વાંચીશ, પણ હમણાંનું લંબાણથી કાગળો લખવાનું ઝાઝું બનતું નથી. ભાઈ નંદલાલ તેથી તમને લખે એમ તમે આગ્રહ રાખશો અને એને તમે તે રીતે લખશોજી. બહુ જ ઓછું ખાશો. બપોરે જપ કરતાં કરતાં આંટા મારવાનું રાખશોજી. સતત સ્મરણ થયા કરે તે કૃપા કરી ન ચૂકશોજી. જેને સદ્‌ગુરુ કર્યો છે, તેના હૃદયમાં જ સતત વારંવાર મનને ટકોરી ટકોરી, સંકેલી સંકેલી, સંકોરી સંકોરી, વારી વારીને પરોવ્યા કરવાનું છે. સદ્‌ગુરુના

હૃદયમાં વારંવાર અંતર્મુખતા કેળવ્યા કરવાની છે. એનાં હૃદય સાથે ભળી, મળી, ગળી જઈએ તો સાધના સરળ અને સહજ બની જાય છે. મુંબઈમાં વધારે ભેજ રહ્યા કરે છે કે કેમ તે પુછાવીને પછીથી જવું. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૨૨-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારાં તા.૧૯-૮ સુધીનાં નિવેદનો મળ્યાં છે. નામસ્મરણ પ્રેમભાવથી થયા કરશે, તો જ મૌન ઉત્તમ રીતે બનશે. હૃદયે એકાગ્રતા અને ભાવ પ્રગટ્યા વિના ઊંડું ઊતરી પણ ન શકાય. હૃદયમાં હૃદય હૃદયથી મેળવવાની કળા હાથે લાધ્યા વિના સાધનામાં કશાં ડગલાં આગળ ભરી શકાતાં નથી. એ કળા શીખવાથી શીખી શકાતી નથી. એ તો આપકળા છે. જેમ જેમ હૈયાનો પ્રેમ પ્રગટે તેમ તેમ હૃદયમાં હૃદયથી ઊંડું ઊતરી શકાય છે. હું તો પ્રભુકૃપાથી તમારી સાથે જ ભાવનાથી રહેવાને મથ્યા કરું છું. જાગૃતિ પાકતાં અને અંતરમાં ડોકિયું થતાં, તમને હાજરીનો અનુભવ થવાનો, થવાનો ને થવાનો જ. ભાઈ નંદુ તો કોઈ નાજુક કામે મુંબઈ ગયા છે. તમારાં નિવેદનો એમને મોકલું છું. તેમને વખત મળશે તો જવાબ લખશે. નહિતર સાચી રીતે (પળ પણ ગુમાવ્યા વિના) મથ્યા કરજો. ભાવ જગાડી જગાડી હૃદયે એકાગ્રતા કેળવજો. સિદ્ધાર્થને કેમ છે ? પ્રિય

બહેન કાંતુ, ભાઈ નંદુ ઉપરનો તારો કાગળ એને મુંબઈ મોકલી આપ્યો છે. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૨૪-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા.૨૦-૮નો કાગળ મળ્યો છે. **મરજીવા થયા વિના આ માર્ગમાં પત્તો ખાઈ શકવાનો નથી. આ માર્ગ ફનાગીરીનો છે. સર્વ કાંઈ ભગવાનને સમર્પણ કર્યા કરવાનું છે.** આપણું પોતાનું કંઈ જ કશું ન રહેવું જોઈએ. સકળ કંઈમાંથી આપણું અહં નીકળી જવું જોઈશે. જે જે કંઈ મળે છે, તે જીવનને ઘડાવાને કાજે છે. માટે ખૂબ સાવધ બનીને જેમાં ને તેમાંથી પ્રભુની ભાવના પ્રગટાવતા રહેવાનું છે. સદ્‌ગુરુ એ માત્ર મર્યાદામાં બંધાયેલ કોઈ ચોકઠું નથી. સદ્‌ગુરુ તો જીવનની ભાવના અને તે પણ પરમ સૂક્ષ્મ ભાવ છે. એને કંઈ કશાની મડાગાંઠ નથી. કંઈ કશી પકડમાં તે નથી. તે સર્વમાં છે અને સર્વથી પર છે, અને સર્વને કારણે છે, તેમ તે નથી અને સર્વનું કારણ હોઈ શકે છે. માટે, **સદ્‌ગુરુને પોતાના જીવનમાં જે જીવતો કરી શકે છે, તે એને અનુભવી શકે છે. પળવાર પણ એને ભૂલશો નહિ.** જાગીજાગીને સ્મરણ કર્યા કરશોજી. જો કાંતાબહેનની સંમતિ મળી જાય તો ૩૫ દિવસનું મૌન રાખી શકાય. કાંતાબહેનનું શરીર ઠીક નથી રહેતું. તેથી, તે હા કહે તો લંબાવશો. ❑

કુંભકોણમ્,　　। હરિઃૐ ।　　　તા. ૨૬-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારાં તા.૨૨-૮નાં નિવેદનો મળ્યાં છે. પોતે પોતાનું તટસ્થાપૂર્વકનું પૃથક્કરણ કરવાનું છે. પોતાની વૃત્તિઓનાં મૂળને સમજવાનાં છે. સર્વ પ્રકારનાં મમતા, મોહ, રાગ, આસક્તિ, કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, અહંતા વગેરેને નિર્મૂળ કરવામાં પ્રતાપ કે શિવાજી મહારાજના પરાક્રમના કરતાંયે વધારે પરાક્રમની જરૂર રહે છે. લડાઈ જીતવી સહેલી હોય, પણ **આ અંતરના શત્રુઓની સાથેની લડાઈ જિતાયા વિના, એમનો કિલ્લો સર થયા વિના આ માર્ગમાં આગળ પ્રવેશ પામી શકાતો નથી.** તમારે વધારે દિવસ મૌનમાં બેસવું હોય, તો સુરત એક વિદ્યાબહેનને કાગળ લખવો ઘટે અને બીજું કાંતાબહેનને સરળતા હોય અને એમની સ્વતંત્ર મરજી હોય, તો તમે ચૌદ દિવસ સુધીનું વધારે લંબાવી શકો છે. અંદર પળેપળનો પૂરતો યોગ્ય સદુપયોગ કર્યા કરજો. અમારો તો પૂરતો સાથ છે જ. ❑

પ્રિય બહેન, જત, તારો તા.૧૯-૮નો મુંબઈથી લખેલ પત્ર અહીં આજરોજ મળેલ છે. સિદ્ધાર્થને તાવ નથી અને ભીખુભાઈને હવે ઝાડા નથી, પણ તારું માથું ચઢેલું જ રહ્યા કરે છે, તે હવે તો સારું થઈ જ ગયું હશે. જો તારી સંમતિ હોય અને આનંદ મંગળ મરજીથી હા કહેતી હોય, તો ભીખુભાઈનું મૌન ચૌદ દિવસ ભલે વધારે. સંઘને પચાસ અને બીજા પચીસ એમને આપે. ❑

કુંભકોણમ્,　　　। હરિઃૐ ।　　　તા. ૨૭-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારાં તા.૨૩-૮ અને તા. ૨૪-૮નાં બે નિવેદનો મળ્યાં છે. તે ભાઈને મુંબઈ મોકલ્યાં છે. ભાઈ, લખવાનું કાંઈ થોડું જ આ જીવથી થતું હોય છે. ખાલી પંડિતાઈ બતાવવા ખાતર તો લખવાનું હોતું નથી. એ તો એવું દિલમાં થઈ આવે તો જ કંઈક લખાય છે, અને લખવું પણ શું ? ત્યાં ભાઈનાં નિવેદનો છે, તે લખ્યા બરાબર જ છે. એમાંથી જે જોઈએ તે મળે તેવું છે. કહેનારા તો ઘણુંયે કહી ગયેલા છે, પણ જગતમાં વર્તનારાનો ટોટો પડેલો છે, કહેનારાનો નહિ. તમારે ખાવામાં માત્ર ભૈડકું જ લેવું ઘટે. બીજું કશું નહિ. માત્ર હળવું શાક હોય તો તે સાથે ચાલે. **ખાવાનો રસ તમારે છોડવો જ ઘટે. મૌનમાં છો ત્યાં સુધી માત્ર ભૈડકું જ લેવું.** જો કાંતાબહેનને તેથી અગવડ પડે તેવું હોય, તો પછી કઠોળ વગેરે તો નહિ, દાળનું પણ ઉપર ઉપરનું પાણી જ લેવાનું. ખોરાક ઘણો જ ઓછામાં ઓછો લ્યો અને તે ઘણો ચાવી ચાવીને ખાઓ. બપોરે આંટા મારવાનું ઘણું રાખશોજી. પળેપળ નામસ્મરણ કરવાનું રાખશોજી. પોતે પોતાની પ્રકૃતિ, સ્વભાવ, વૃત્તિઓનાં વલણો વગેરે બધું તપાસી-જાણી તેમને તેમને યોગ્ય ઠેકાણે કરવાનાં છે. ભાઈલા ! **આમાં તો કરવાનું ઘણું જ છે અને બોલવાનું તો નજીવું છે.** તમે તો ગઈ વેળા પણ મૌનમાંથી નીકળ્યા બાદ સુરતમાં જઈને કેટકેટલું તે અંગે બોલ્યા છો, તે

તમે ભલે મને ન કહ્યું હોય, પણ તે કંઈ ખબર પડ્યા વિના થોડી રહે ! આમાં તો પોતે પોતાની જાતને જેટલી પાછળ રાખ્યા કરીએ અને તે પણ પ્રેમથી તેટલું ઉત્તમોત્તમ છે. પાછળમાં પાછળ રહેવામાં સાર છે. કેમ કોઈએ મને ન ગણકાર્યો. એવું મનમાં થયું તો તે અહં પાકું છે. કોઈએ મને ન ગણકાર્યો એવું લાગતાં, તો પ્રભુકૃપા થઈ કે અહં ઉપર તેટલો ફટકો પડ્યો. પ્રભુ ભજો, પ્રભુ ભજો. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૨૮-૮-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા.૨૫-૮નો કાગળ મળ્યો. સદ્‌ગુરુ એ કોઈ ચોકઠું નથી. એનું શરીર હોવા છતાં તે શરીર નથી. જો સદ્‌ગુરુનો આત્મા ચેતનને પામી ગયેલ હોય, તો તેવાને તેના શરીરના ધોરણથી સમજવો, માપવો કે અનુભવવો તે અજ્ઞાન ગણાય. તેનું શરીર હોવા છતાં, તેનામાં માત્ર શરીરનું જ ધોરણ-વહેવારવર્તન હોતું નથી. તે લાગે છે તો આપણા જેવું, પણ તેનો આંતરિક હેતુ શો હોઈ શકે ? અંતરનાની રમતનો ખ્યાલ આપણને શો પ્રગટી શકે ? માટે શરીરને મહત્ત્વ દેવાનું નથી. **ભાવ પ્રગટતાં સાધના સરળ બને. આપણા હ્રદયના તારનું જ્ઞાનભક્તિપૂર્વકનું અનુસંધાન સદ્‌ગુરુના હ્રદયમાં રહેલા ચેતન સાથે પળેપળ જીવતું રહ્યા કરે, ત્યારે જ પ્રેરણા એ શું એની જીવને ગતાગમ પડ્યા કરે. સમર્થ તો અમે નથી. અમે ગધેડાંની**

**જેમ ભાર ખેંચવા અને લાતો ખાવા સર્જાયેલા છીએ. અમને તે મુબારક હો. કોઈને હૃદયની નેક દાનત નથી. દિલથી મહેનત કરવી નથી અને પછી દોષ ઢોળવો પેલા ઉપર. કોઈ ઉપર અમને આશા છે.** ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૧-૯-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા.૨૮-૮ અને ૨૯-૮નો ભેગો કાગળ મળ્યો છે. વિદ્યાબહેનને તમારે કાગળ-પોસ્ટકાર્ડ લખીને બારોબાર નાખવાનો. તમારો કાગળ 'તેમના ઉપરનો મને મળે અને હું તે ત્યાં બીડું' એમ ન બને. મોહ નાશ પામે છે એટલે કે જ્યારે આપણામાંનું જીવપણું પૂરેપૂરું ગળી જાય છે, ત્યારે જ સાચી સ્મૃતિનું જ્ઞાન આપમેળે પ્રગટે છે. જીવપણું ટકી રહેલું છે, દ્વંદ્વના આધારે. તેથી, આપણે સકળ વહેવાર, વર્તન, સંબંધ, સંપર્ક, કર્મ તે બધું દ્વંદ્વના આધારે ન બન્યા કરે, એટલે માત્ર વૃત્તિનાં વલણના આધારે દોરવાયા ન કરીએ, તે પરત્વે જાગૃતિ રાખ્યા કરીએ તો જ બને. તે કાજે તેવા પ્રકારનું જીવન જીવવાની તાલાવેલી જ્યારે ખરેખરી લાગી ગયેલી હોય, ત્યારે જ તેમ બની શકતું હોય છે. જીવનનો વિકાસ કરવાનો માર્ગ રાંડીરાંડના ખેલ નથી. જોકે આ કહેવત પરત્વે જ મને તો અજુગતું લાગે છે. સાધનાનો માર્ગ તો મહાપરાક્રમી જીવનો છે. એમાં જેવા તેવાનું કામ નથી, પણ જેને એમ

લગની લાગી છે, તે જ એમાં ટકી શકવાના. બાકીના તો ખરી પડવાના. માટે જે આવો કાળ મળ્યો છે, તેનો પૂરેપૂરો સદુપયોગ કરજો. એક પળ પણ નકામી ન ગાળજો. ભડવીર થવાનું છે. કાયરપણું તો પળેપળ અનુભવાશે, પણ તે પ્રભુકૃપાથી ટાળતા રહેવાનું છે. એ જ. ❑

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ.

પ્રિય બહેનશ્રી,

જત, તારો તા.૨૮-૮નો કાગળ મળ્યો છે. અચલા કે પ્રસન્ન આવે ત્યારે એને જરૂર રાખી લે જે, કારણ કે એમનું શરીર વળેલું નહિ હોય. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૪-૯-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૩૧-૮નો કાગળ મળ્યો છે. તમારાથી કશો દોષ નથી બન્યો. કૃપા કરીને તમારે પોતાને જ અંદર ઊંડા ઊતરી ઊતરીને જોવાનું છે. આ માર્ગમાં ઊતરવું હોય તો હૃદયની નેક દાનત, તે પરત્વેની તેવી પ્રમાણિકતા, સાચું દિલ અને તેવી ઉત્કટ ભાવના અને જીવનના ધ્યેય કે આદર્શ પરત્વેની સતત એકધારી જીવની દૃષ્ટિ આટલું જો રહ્યા કરે, તો જ કંઈક કામ થઈ શકે તેમ છે. તમારા ઉપર તમારાં પોતાનાં જ સ્વજનોનો વિશ્વાસ કેમ કરીને બેસવાનો ? જો આપણી પોતાની જૂની લઢણો, જે તેવા જીવોએ અનુભવ્યા

કરેલી છે, તે ને તે જ જો કાયમ રહ્યા કરતી હોય, તો તે લોક કહે કે 'આ તો ખાલી ખાલી કશુંક વળી નવું કાંઈ તૂત છે.' અને તેમને તેમ લાગે તો તેમનો કંઈ દોષ આપણાથી શો કઢાય ! માટે કૃપા કરીને ત્યાં સુરત જઈ મૌન જેટલું વધારે પળાય, સતત નામસ્મરણ થયા કરે અને ઘરનાનું પ્રેમભાવે જે તે કંઈ બન્યા કરે, ત્યારે જ તેમને આપણું સાચું લાગવાનું. આનંદમાં રહેવું. નામસ્મરણ એક પળ પણ ન ચુકાય તેટલી જાગૃતિ રાખ્યા કરવાની છે, એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૮-૯-૧૯૫૩

પ્રિય બહેનશ્રી,

ભીખુભાઈએ તને ઠીક સેવા કરાવી. એમને જુલાબ થયા કર્યા તે વાળવાનું તારે ભાગ આવ્યું. સેવા જો પ્રેમભક્તિભાવે થઈ શકી તો તે પણ સાધનાની ગરજ સારે છે. તેં અહીં એક ટિફિન મોકલાવ્યું તે શેનું ? મારે જરૂર જ ન હતી અને જો મોકલાવવાનું હતું તો મને પુછાવવું તો હતું ભલા ! કૃપા કરીને હવે તેમ ન કરવું. નંદુએ કહ્યું હોય તોપણ મારી રજા વિના અહીં કશું જ ન મોકલવું. એ જ. ❑

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૫-૯નો કાગળ મળ્યો છે. હજી તમને ઝાડા ન મટ્યા હોય તો આ કાગળ મળે કે બીજે દિવસે બહાર

નીકળી જવું. એનું કારણ તમારા ઉપર રોષ છે એમ નથી, પણ અંદર વધારે રહેવાથી શરીર કથળે. બહાર નીકળી દવા કરાવજો. પ્રભુકૃપાથી તો દવા વિના પણ મટી જ જવાનું. એક મૌનમાં કાંતાને બધાયે દિવસો તાવ રહ્યા કરેલ. જે દિવસે બહાર નીકળી તે જ દિવસે તાવ ગયો તે ગયો. તમારે વિદ્યાબહેનને કાગળ લખીને તેમની સંમતિ મંગાવી દિવસ લંબાવવાનું કર્યું હોય તો ઉત્તમ. હવે તે તો તમને અને મને ગાયા જ કરશે. તમને મેં તો લખેલું પણ તમે સમજ્યા નહિ. હવે સુરત જઈ ઘરમાં ટાંટિયો રાખજો અને મૌન પાળજો. સતત નામસ્મરણ કર્યા કરજો. બીજું તો શું લખું ?

મુંબઈથી સીધું આસો સુદ પૂનમે જો કાંતાનું મૌન લેવાપણું બન્યું હશે તો આવી જવાનું. એ જ. ❑

પ્રિય બહેનશ્રી

જત, તું હેમંતભાઈને લખી તો જોજે કે ભાદરવા વદ ચોથથી મૌન લેવાનું નક્કી છે, તો તે પહેલાં તેઓ ત્યાં આવી શકશે કે કેમ ? આપણામાંનું કોઈક ત્યાં હોય તો જ ઉત્તમ. જો કોઈ જ ન હોય અને તને હિંમત હોય તો તો બેસજે. પ્રભુ સરખો ધણી છે. **સાધનાના માર્ગમાં અંદર એક અને બહાર બીજું એમ ન ચાલી શકે. અંદર બહાર એક થવાનું છે. એ જ.**

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૧૦-૯-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા.૭-૯નો કાગળ મળ્યો છે. મારો એવી જ રીતનો કાગળ મળ્યો હશે કે હજી ઝાડા ન મટ્યા હોય તો કાગળ મળ્યાના બીજા દિવસે બહાર નીકળી જવું. તે પ્રમાણે જો ઝાડા બંધ થયા ન હોય તો જરૂર બહાર નીકળી જશો. બહાર નીકળીને પણ હાલમાં બીજું કશું જ ન લેવું. આશ્રમની પાસે જ ડૉક્ટર રહે છે. (બુધાભાઈના મકાનમાં) તેમને મળીને તેમની સલાહ લેવી. બહાર નીકળ્યા બાદ મટી જશે અને જરાક ઠીક થાય એટલે સુરત જવાનું કરવું. કૃપા કરી પ્રભુસ્મરણની જાગૃતિ રાખશોજી. ત્યાં જઈ પેલી જમીન વેચાતી મળી શકે તેની જોગવાઈ કરજો. જો ઝાડા બંધ થઈ ગયા હોય તો ૪૨ દિવસનું મૌન ભલે પૂરું થતું. નોકરને ચારની રકમ અને બીજી બાઈને બેની રકમ આપવાની અને ટપાલ જેટલી લખી કરી હોય તેની કિંમત આપણે આપી દેવી. તે લોક તો લેવાનું ના કહે, તે તેમની સજ્જનતા. તે લોક પ્રેમભાવથી મૌન લેનાર જીવનું મળમૂત્ર ઉપાડે અને બીજી સેવા કરે તે જ ઘણું મોટું છે, ઘણી મોટી વાત છે. આપણા પોતાના માણસને જ તેવું કામ કરતાં કરતાં પૂરું ગમતું નથી હોતું. સંઘમાં પચાસ પરીક્ષિતભાઈને હાથોહાથ આપવાના અને જો ૪૨ દિવસ પૂરા થયા હોય તો બીજી પચીસની રકમ અહીં ગરીબનાં છોકરાંને ચણામમરા વહેંચવામાં દેવાની. અહીં આશ્રમમાં ઘણું ખરું છોકરાંને મમરા સાંજે

વહેંચવાનું થયા કરે છે. તમારે કોઈ વાતે અકળામણ ન થવા દેવી. નિશ્ચિંતતા-શાંતિ ધરાવ્યા કરવી. વિદ્યાબહેન કહે કરે તેમાં જેટલું સાચું હોય તો તે ગ્રહણ કરી તે પ્રમાણે વર્તવું. ઘરમાં ટાંટિયો બાંધીને મૌન પાળી વર્તવાનું કરી શકશો, તો તેની અસર ઉત્તમપણે થવાની.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

પ્રિય બહેનશ્રી,

તારો કાગળ મળ્યો છે. પેલી લખેલી ચોપડીઓ તુરત મોકલાવી દેજે. એ જ.

પ્રિય ભીખુભાઈને માલૂમ થાય કે **'જીવનગીતા'** છપાવવામાં જે તે દાન આવ્યું હોય, તેને તેને દરેકને કેટકેટલી રકમનાં પુસ્તકો આપ્યાં અને કોને કેટલી રકમનાં બાકી રહ્યાં તેની નોંધ મૂકતા જવું અને તેમનાં સરનામાં પણ. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૧૨-૯-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૯-૯-નો કાગળ મળ્યો છે. તમે લગ્નનો જે અર્થ તારવ્યો છે, તે ઉત્તમ છે. હવે તમારી આ માર્ગની સમજણ તો ઘણી વધવા માંડી છે. માત્ર મૌન પાળી ઘેર પડી રહેવાનું કરી શકો તો ઉત્તમ. પ્રૂફ સુધારવાનું શીખી લ્યો તો ત્યાં બીજું છપાવવાનું રાખું, પણ તે માટે રકમ ઉઘરાવવી પડવાની. વિદ્યાબહેન હવે મને વધારે ભાંડવાનાં કે 'તમે તો કહો છો કે ભીખુભાઈએ મૌનની રજા મારી

કનેથી લેવી, પણ એમણે મૌન ચૌદ દિવસનું વધાર્યું તે કોની રજાથી ?' તો કૃપા કરીને તમે એમને કહેજો કે 'મોટાએ તો મને આગળથી વિદ્યાબહેનને કાગળ લખવાનું કહેલું, પણ મારાથી એટલે ભીખુભાઈથી, કાગળ મોડો લખાયો તો તે દોષ માફ કરો.' **ઘરમાં શાંતિ જેટલી જળવાઈ રહે તેટલું ઉત્તમ.** સુરત આવવાનું થતાં તમે મને વાહનમાં લઈ જશો ત્યારે. હવે ચલાય તેવું રહ્યું નથી. વધારે ચાલવાની મનાઈ થયેલી છે. દરરોજ એકવાર તેમની કને મને તમારે લઈ જવો અને એમના હાથની ચા પિવડાવવી. હવે તો મૌન પૂરું થવા આવ્યું. મુંબઈથી આસો સુદ ૧૨ કે ૧૩ના રોજ રાતે નીકળી જવાના. મુંબઈમાં ચારેક દિવસ રોકાવાનું થાય તો થાય. નંદુભાઈ હજી મુંબઈ જ છે. એમનાથી અહીં પાછું કદાચ ન પણ અવાય. લખાણમાં જે ભાવના હોય તેનો આકાર લેવાય ત્યારે જ તે સત્ય ગણાય. **ઘણાંય મને તો લખે છે કે 'તમારી કૃપાથી આમ થયું અને તેમ થયું,' પણ મનમાં-ચિત્તમાં આ જીવ વિશે તેવી ભાવના પ્રમાણેનો પ્રેમભાવ જીવતો થયેલો હોતો જ નથી.** માટે કૃપા કરીને આ જીવને સારું લગાડવા કે રાજી કરવા કશું કરીને પણ લખવું નહિ. લખાણથી તે રાજી થઈ જતો હોય છે તેવું કશું નથી. **'ખુશામત ખુદા કો ભી પ્યારી હૈ' એવું લોક કહે છે, પણ તે ખોટું છે. ખુદાને ખુશામત કદી પણ પ્યારી નથી. ખુશામત કરનારમાં તો દંભ હોય છે. તેથી, આપણે તો દંભને સમૂળગો જ ત્યજવાનો છે.** ❑

પ્રિય બહેનશ્રી,

જત, તું હેમંતભાઈને લખજે કે ‘ત્યાં તેમને જેટલું રહેવું હોય તેટલું રહે.’ તારે મૌનમાં બેસવાનું છે. તેથી, વહેલા આવવાની મુદ્દલે જરૂર નથી. જેટલું વધારે હજી રહેવું હોય તેટલું રહે. એવી ખાસ જરૂર પડશે તો તો જરૂર લખીશ. તમે તમારે શાંતિથી રહેજો. તમને ત્યાં બધાંની સાથે વધારે હળવા મળવાનું થતું હોય તે વધુ ગમે. માટે બધાંને સંતોષ થાય અને તમને પણ સંતોષ થાય તેટલું નિરાંતે રહેજો. મારા મૌનને અને તમારા આવવાને કશો સંબંધ નથી. તું તારે મૌનમાં બેસી જજે. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૪-૯-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૧૦-૯ અને તા. ૧૧-૯નો કાગળ મળ્યો છે. તમે જે કરતાલ બનાવી લાવ્યા છો, તેની શી કિંમત થાય છે, તે લખશોજી. બીજું તો હવે દિલ દઈને વર્તવાનું છે. વર્તન એવું કરશો કે જેના જેના સંબંધમાં છો, તે સર્વને તમે પૂરા બદલાઈ જ ગયેલા લાગો. તમને છ માસ જરૂર કોઈ એક એવા સ્થળે મૂકી શકું ખરો, પણ વિદ્યાવતીબહેનનું શું ? એમની પ્રકૃતિ સુધરે નહિ ત્યાં સુધી મારાથી કશું જ ન બની શકે. મારે કોઈ જીવનું કશું સાંભળવું નથી. તમારે તો પ્રેમથી તેમનું સાંભળવું, કારણ કે એની પ્રકૃતિને વિકૃત કરાવવામાં તમે પણ નિમિત્ત બનેલ છો.

ચોપડાનો હિસાબ બરાબર રાખશોજી. રૂ. ૪૬૬/૭૫ ઉઘરાવેલા તેનો તો હિસાબ તમે મોકલી દીધો છે, પણ **'જીવનગીતા'** જેટલી વેચી કરી હોય અથવા એકએક જેમણે આપ્યો હોય તેમને તમે **'જીવનગીતા'** આપી હોય અને તેમની કનેથી રકમ આવી હોય તથા તે પહેલાંના ચોપડામાંથી જે કંઈ ઊપજમાં કર્યું હોય તેનો પાકો ચોખ્ખો હિસાબ રાખશોજી. એલિસબ્રિજમાં આપણે ગયા હતા, તે મારા સ્નેહી શાસ્ત્રીજીને તથા પાસે જ મુરબ્બી પૂજ્ય કાકાના નટુભાઈને પણ મળી લેજો, કારણ કે સુરત કંઈ લઈ જવા કરવાનું હોય તો ખબર પડે. સુરતમાં માતાપિતા વગેરે વડીલોને પગે લાગજો. શ્રી લલ્લુભાઈને ખાસ પહેલાં મળવા જજો. શ્રી લલ્લુભાઈને અવારનવાર મળતા જ રહેવું. બહેનને કાગળ લખજો. તેમને મારા પ્રણામ. આ લખાણ ઉતારીને, પુષ્પાની નોટમાં ઉતારવાનું છે. ❑

પ્રિય બહેનશ્રી,

તારો કાગળ મળ્યો છે, આત્મનિવેદન જો ખરેખરું હૃદયમાંનું જાગેલું હોય, તો એની શક્તિ તો પ્રચંડ છે. જીવનને પલટાવવા કાજે એવું નિવેદન ભારે ખપમાં લાગે છે. શ્રીપ્રભુને ચરણકમળે હૃદયની નીગળતી ભાવભક્તિથી ન્યોછાવર થવા કાજે જે આત્મનિવેદન પ્રગટે છે, તે આત્મનિવેદનથી તો કાયાપલટ થઈ જતી હોય છે. લખવા ખાતર લખેલું પોતાને ખપમાં આવતું નથી. ઘણા **લોક મને 'તમારી કૃપાથી આમ થયું અને તેમ થયું' એમ લખે છે,**

પણ તેવા પ્રકારનો પ્રત્યક્ષ તેવો ભાવ તેમને આ જીવ પરત્વેનો વર્તનમાં તો પ્રગટેલો અનુભવાતો જ નથી. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૧૯-૯-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૧૬-૯નો કાગળ મળ્યો છે. રૂપિયા એક હજાર ઉઘરાવવાના છે. તેટલી રકમ એકઠી થયા બાદ અને તમે પ્રૂફ રીડિંગ શીખી ગયા બાદ ત્યાં છપાવવાનું જરૂર વિચારીશું.

મારો ફોટો ત્યાં મૌનરૂમમાં કેવો છે, તેની જાણ નથી. તેવો ફોટો કાંતાબહેન કને હોય તો તેની કિંમત તમારે આપીને લેવાનો હોય છે. એની કિંમત દરેક કને લેવાતી હોય છે.

તમે લખ્યું છે કે કાગળ સોમવારે ૯ વાગ્યે મળવો જોઈએ, પણ આ કાગળ તો મંગળવારે મળવાનો. જેમ તમારો તા. ૧૫-૯નો કાગળ અહીં તા. ૧૯-૯ના રોજ મળ્યો એમ.

કાંતાબહેનને તો આ જીવ જે કહી શકે છે, તેવા આંચકા હજી તમારાથી ખમી શકાય કે કેમ તે તમારે તમારી જાતને પૂછવાનું રહે છે. વળી, વિદ્યાબહેનને મારાથી કશું જ કહેવાય પણ નહિ અને બોલાય પણ નહિ, કારણ કે તેમને કંઈ આ પંથે જવું જ નથી. જેને જવું છે તેને કહી શકાય. હેમંતભાઈને કહેશો કે તેમનો ખારથી લખેલ તા. ૧૭-૯નો કાગળ મળ્યો છે. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્,                    । હરિઃૐ ।                    તા. ૨-૯-૧૯૫૩

મુ.પૂ.બહેનશ્રી

જત, તમારાં ભજનો મેં વાંચેલાં છે. તે ભજનો તમારે મુખે જ સાંભળવાનો ઘણો આનંદ પડે, પણ તમે ત્યાં અને આ જીવ અહીંયાં. ભજનમાં જે ભાવ ભર્યો છે, તે પ્રમાણેનું જીવન જો આઠે પહોર ટકી રહે તો તો જીવન સંપૂર્ણ બની જાય. એવો ભાવ રોજિંદા વહેવારમાં ટકી રહે અને જીવતો રહે એનું જ નામ સાધના છે. સાધના એવો ભાવ પ્રગટાવવા કાજે છે. ભાઈ ભીખુભાઈને તમો મદદ કરવાને તત્પર થયા છો, તે ઘણા આનંદની વાત છે, તે જગા શહેરથી ઘણી દૂર, એકાંતમાં અને તમોને ઘણી અડચણ પડે તેવી છે. માટે જે તે વિચાર કરીને કરજો. કે પછીથી તે વિશે કોઈને કંઈ કહેવા વારો ના આવે. ભાઈ નંદજી તા. ૧૮ને ગુરુવારે સવારે ૬ વાગ્યે ૧૦૧ દિવસ માટે મૌનમાં બેસશે. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

પ્રિય ભાઈશ્રી,

બોરિયાભાઈને હવે તમો લખશો નહિ. હું અહીંથી તેમને લખું છું. તે પાંચ શેર વેચીને આપણને નાણાં દેશે. તેના તરફથી કશું ઉતાવળનું કારણ નથી. તે અંગે તમો લખો તો તેને તે સારું નહિ લાગે. ત્યાંથી દેના બૅંકમાં મારી સહી કેવી જાતની છે, એટલે કે કયા શબ્દોમાં છે તે જાણીને મને અહીં લખી જણાવશો. આનો અમલ મૌનમાંથી નીકળ્યા

પછીથી પણ થઈ શકશે. મૌનમાં કોઈ રીતની આળસ કરશો નહિ. બરાબર ઝુકાવજો અને વારંવાર સદ્‌ગુરુની ભાવનાને હૃદયમાં પ્રગટાવતા રહેજો. બસ એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્,	। હરિઃૐ ।	તા. ૨-૯-૧૯૫૩

પ્રિય ભાઈશ્રી તથા અ.સૌ. બહેનશ્રી,

જત, તમારો નારેશ્વરથી આવતાં મિયાંગામ સ્ટેશને લખેલ પત્ર મળ્યો છે. ત્યાં જઈ આવ્યા તે સારું કર્યું. ત્યાં જઈ આવવાથી જીવનવિકાસ પરત્વેની ભાવના થોડે ઘણે અંશે પણ વધી હોય તો એવે સ્થળે જવું તે તીર્થ સમાન છે. આ કાગળ તમોને મૌનમાં મળશે. જીવનમાં આવાં મૌનનો ગાળો તેનો વિકાસ કરવાને ઘણો ભાગ ભજવે છે. એવા સમયમાં તેવી રીતે જીવનમાં જેટલી શાંતિ, સમતા, તટસ્થતા અને પ્રસન્નતા આદિ રહ્યા કરે છે, તેવી રીતે જીવનમાં બહાર કદી અનુભવાતી નથી. મૌનમાં બેસવાનું મન થાય અને કંટાળો જેને આવે તેને કાજે મૌન એ તો યજ્ઞ છે. જીવનવિકાસને કાજે જે કઠવું પડે તેમાં જો જીવ આનંદ માની શકે તો જરૂર જાણવું કે તેવા મૌન પ્રકારના યજ્ઞમાં રસ પ્રગટેલો છે. વિદ્યાબહેન તમને સાથ આપવાને સાથે રહે છે, તે આપણા સદ્‌ભાગ્યની હકીકત છે. આપણને તેમનો જે સાથ મળે છે, તે પણ ભગવાનની કૃપા સમજવી.

તેમને કોઈ રીતે અડચણ ત્યાં ના પડે અને હેરાનગતિ ના પડે તેમ બધું ગોઠવ્યું હશે જ એમ માનીએ છીએ. આવા એકાંત સ્થળે-નિર્જન સ્થળમાં તદ્દન એકલાં રહેવાનું સ્વીકાર્યું, તે તેમની મર્દાનગી સૂચવે છે અને આપણને તો જીવનમાં મરદનો ખપ ગમે. ભલેને એ મૂછોવાળો ના હોય તેથી શું ? ભલભલા મૂછોવાળા નર્યા ડરપોક હોય છે. સદાય પળેપળનો ઉપયોગ કરજો. બસ એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

પ્રિય ભાઈશ્રી,

જત, તમો માટે ચાંદીનું ફ્રેમ કરવા અમે નાખી દીધું છે. અને ચાંદીનો લોટોપવાલું, અગરબત્તી નાખવાનું સ્ટૅન્ડ વગેરે તૈયાર, વિના મજૂરીએ ચાંદીના ભાવે ખરીદેલ છે. નવો જ સામાન અને ચાંદીનો ભાવ પણ હાલ ૧।। (દોઢ રૂપિયા) છે, પણ દુકાનમાંથી ૧।। (દોઢ રૂપિયા)ના ભાવે મળેલ છે. તેમણે સસ્તે પહેલાં લીધેલ. કોડિયું કરવા નાખેલ છે. પિકદાની માટે અર્ધો ભાગ તૈયાર મળેલ છે, વિના મજૂરીનો, બાકીનું અર્ધું કરવા નાખ્યું છે. મુ. શ્રી વિદ્યાબહેનને પ્રણામ. હવે તો મૌનમાંથી બહાર આવ્યા બાદ અક્ષરદેહે મળીશું. એ જ.

લિ. નંદુભાઈના જયગુરુદેવ. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૧-૩-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૧૭-૩નો પોસ્ટકાર્ડ મળ્યો છે. પૂજ્ય બા પણ ત્યાં પધાર્યાં છે, તે તો ઘણા આનંદની વાત છે. તમારે તે સમજવાનું છે. તેમની સેવા પ્રેમભક્તિથી કરી તમારે તેમનું ઋણ વાળવાનું રહે છે. તે લોકને કોઈ જાતની અડચણ ન પડે તે કાજે રાંદેરવાળા ભાઈઓને મેં પણ લખ્યું છે. પૂજ્ય બા તથા વિદ્યાવતીબહેન જાતે રાંદેર પધાર્યાં તે તો ઉત્તમ થયું, કારણ કે આપણા કાજે કોઈને તકલીફમાં ન ઊતરવું પડે તે ઉત્તમ. ખૂબ ખૂભ ભાવથી નામ લીધા કરશોજી. ખીચડી પ્રવાહીમાં ન ગણાય. દસ દિવસ પ્રવાહી લીધા બાદ ધીરે ધીરે બીજો ખોરાક લેવાનું કરશો, અને તે પણ થોડો થોડો. જમવાનું જે આવે તેમાંથી પાછું ન કઢાય એમ ન જાણવું. ખાવામાં પાકો સંયમ જાળવવાનો છે. દૂધ નકરું લેવા કરતાં તેનું દહીં જમાવીને (મોળું જોઈએ) તે લેવાનું રાખી શકાય તો તેમ કરશો.

પૂજ્ય બાને તથા વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ.❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૨૨-૩-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારા તા. ૧૮-૩ અને તા. ૧૯-૩ના પત્રો મળ્યા છે. અધૂરી બુદ્ધિથી સમજાયેલું સાચું ન માનવું.

પૂર્વજન્મનો સંબંધ ગમે તે હો, તે સાથે આ જન્મને જો નિસ્બત હોય, તો આ જન્મને તેથી સાર્થક કરી શકીએ તો જ તે ઉત્તમ ગણાય. નહિતર તો ગપ્પાં ગણાય.

આપ ડહાપણે વર્તવાનો સ્વચ્છંદ સદ્‌ગુરુના આજ્ઞાંકિતપણાનો ભાવ હૃદયમાં હૃદયથી સંપૂર્ણ કેળવાયા વિના ટકી શકવાનો નથી. એવો આ જીવનો અનુભવ છે. સદ્‌ગુરુ તારતો નથી પણ સદ્‌ગુરુનો ભાવ હૃદયમાં પ્રગટેલો હોય છે, તે ભાવ જીવનને ઊંચે લાવે છે. માટે જે કાર્ય જીવનના વિકાસ કાજે ઉચ્ચ માન્યું તે કર્મને ઉત્તમમાં ઉત્તમ ભાવે કરીને તે કર્મને તરીને પાર ઊતરી જઈએ ત્યારે તો નરમાનવ, નહિતર તો નરપુંગવ. માટે મરદ બનીને વર્તજો.

પૂજ્ય બા, તમે આ જપયજ્ઞમાં પધાર્યાં છો, તો સતત ભગવાનનું નામ લીધા કરશોજી. ❑

પ્રિય બહેનશ્રી,

તમારો કાગળ મળ્યો છે. અમારે તો તમારી મદદ વગર તમારા સહકાર વિના કશું ચાલી શકે તેમ નથી. આ જીવની જે કૃપાની વાત તમે કરો, તે તો કેમ શોભે ? મારી તો હૃદયથી ભાવના તમારામાં છે જ. તમારા વડે તો જો કંઈ અમારી શોભા હો તો હો, નહિતર તો પળવારમાં સાવ પાણીના. સદાય પ્રભુભજનમાં મનને કૃપાથી વાળજો. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૨૪-૩-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારા તા. ૨૦-૩ અને તા. ૨૨-૩ના બે કાગળો મળ્યા છે. તમને મૌનમાં બેસતાં ઝાડા થઈ જ જવાના એવું સ્પષ્ટ લાગેલું, તેથી તો તમને પ્રવાહી લેવાને લખેલું. હવે માત્ર જે દૂધ સાંજે આખર્યું હોય અને જે દહીં તદ્દન મોળું હોય તેની છાશ કરીને તેની કઢી બનાવવી અને તે પીવી. કઢીમાં ચણાનો કે કશાનો લોટ નાખવો કરવો નહિ. મીઠા લીમડાનાં પાન વગેરે તો નાખવાં. ફુદીનો મળી શકે તો નાખવો. સાંજે મગને ખૂબ બાફવા, તે ફાટી જાય ત્યાં સુધી ઉકાળવા. પહેલેથી મગમાં પાણી વધારે નાખવું. મગને ચોળ્યા વિના તેનું નકરું પાણી ઉપર ઉપરથી લેવું અને તે વઘારવું અને તે પાણી લેવું. સવારે અને સાંજે તે પ્રમાણે લેવું. આમ, કઢી અને મગનું પાણી પણ તદ્દન થોડું, આધાર પૂરતું લેવાનું. થોડુંક પણ વધારે લેવાયું તો ઝાડા મટશે નહિ. અંદર આળસ-પ્રમાદ સેવશો નહિ. મરદની જેમ ઝઝૂમવાનું છે. કાગળબાગળ લખવાની કશી જરૂર ન હોય. તમે તમારે અંદર લીલા જોયા કરજો. સદ્‌ગુરુની ભાવનાને હૃદયમાં હૃદયથી જીવતી કરજો. **'જીવનપોકાર'**નાં લખાણનો મર્મ પિછાનજો. પૂજ્ય બાને તથા વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્,　　। હરિઃૐ ।　　　તા. ૨૭-૩-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારા તા.૨૩-૩ અને ૨૪-૩ના કાગળો મળ્યા છે. પ્રભુકૃપાથી મંડ્યા રહેજો. હજી ખોરાકમાં સંભાળવાનું છે. હવે ઝાડા ભલે મટી ગયા હોય, પણ ક્યારે તે પાછા જોર કરી ફરી શરૂ થાય તે કહેવાય નહિ. માટે, હજી બીજા દસેક દિવસ પ્રવાહી ખોરાક ઉપર રહેશોજી. જો ખર્ચનો વાંધો ન હોય તો મોસંબીનો રસ લઈ શકો, જો તે ન બની શકે તો શેરડીને છોલી તેના કટકા કરી અંદર તમને આપે અને તે ચૂસી શકાય. સવારમાં નીરો મળી શકે, તો તે લઈ શકાય અને બપોરે સવારનો નીરો થરમૉસમાં ભરી રાખેલ હોય તે પણ પી શકાય. બીજા દસ દિવસ પ્રવાહી ખોરાક ઉપર કાઢી નાખો અને તે પછી રાબ જેવું લેવાની શરૂઆત કરવી અને તે પછી રાબ જેવી ખીચડી અને કઢી. રાબ અને ખીચડીના ખોરાક ઉપર દસબાર દિવસ અને તેવા ખોરાકમાં જો ઠીક રહે, તો પછી બીજો ખોરાક ચાલુ કરી શકાય. ❑

કુંભકોણમ્,　　। હરિઃૐ ।　　　તા. ૨૭-૩-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, નીચે પ્રમાણે તાર અત્યારે મળ્યો. ‘અખીરામ મહાપ્રભુ સે લગન હુઆ સૌભાગ્યવતી વિદ્યાવતીકા-સોમવાર સુબહ સે મૌન હોગા-હાર્ટલી પ્રણામ. ભીખુભાઈ હરિઃૐ.’

આમ, તાર છે. અખીરામ શું ? તે ન સમજાયું. માટે કાગળમાં લખશો. વિદ્યાબહેન મૌન લે છે, જાણી ઘણો રાજી થયો. હવે એ આપણને શોભાવશે. એમનામાં જે મર્દાનગી છે, તેનું પરાક્રમ તેઓ મૌનમાં જરૂર વાપરવાનાં અને આપણને બધાંને તેથી ઘણો ઘણો આનંદ થવાનો. જરૂર તેઓ મૌનમાં સતત નામસ્મરણ કરી કરી મનને જીતી શકે અને ચેતનની ઝંખના તેમનામાં જીવતી બને એવી પ્રભુપ્રાર્થના છે. એ જ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૨૯-૩-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા.૨૭-૩નો કાગળ મળ્યો છે. તમારી હકીકત જાણી છે. પાકું મૌન પાળવું. સતત એકધારું સ્મરણ થયા કરે અને કંઈ કશામાં ભેળવાઈ જવાનું ન બન્યા કરતું અનુભવાય તો જ જાણવું કે આપણે સાચી દિશામાં છીએ. કોઈને પણ કંઈ કશી સલાહબલાહ આપવી કરવી નહિ. કોઈને પણ મૌનસાધના અંગે ડહાપણ ડોળીને કંઈ કશું કહેવાઈ ન જાય તેની કાળજી રાખવાની છે. આપણી જે પરિસ્થિતિ હોય તેવી કંઈ બધાંની ન હોય. માટે જેને તેને કંઈ કશું હોય તો તેને મને પૂછવાનું કરે તેમ સૂચવવું. નમ્રમાં નમ્ર થતાં જવું. **'ન બોલવામાં નવ ગુણ'** એ સૂત્ર જીવનમાં પાકું ઉતારવું. **જો સદ્‌ગુરુની સાથે લગ્ન થયાં હોય, તો તેનું વચન**

**પૂરેપૂરું જ્ઞાનપૂર્વક પાળવામાં જ સાચી ભક્તિ રહેલી છે,** તે જાણવું. પૂજ્ય બાને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. પ્રિય ભાઈશ્રી લલ્લુભાઈને મળ્યા હશો. તેઓ આપણને કહે તે વેળા પૂરા મદદમાં ઊભા રહેવાનું છે, તે જાણશોજી. એમ તો સહુ કોઈને અહં તો હોય છે, પણ તેઓ બીજા મહાસભાવાદી જેવા તકસાધુ છે, સ્વાર્થ પરાયણ છે, તેવા તે નથી. માટે, તેમના સદ્ગુરુ આપણે હજીય ક્યાં પારખ્યા છે ? માટે, તેમની સાથે હ્રદય મેળવવાનું છે. વિદ્યાબહેને તો ખરી કરી. પ્રભુની કૃપા કેવો ફેરફાર કરી શકે છે, તે અનુભવ્યુંને ? ત્યાં બધા સત્સંગી ભાઈઓને સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ડૉ. જેભાઈ, હીરાભાઈ, મુ. ભગતકાકા, નારુશંકરભાઈ, મોહનભાઈ એ બધાય યાદ આવે છે. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૩૧-૩-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૨૯-૩નો કાગળ મળ્યો છે. મૌન-મંદિર માટે મારી સૂચના વિના તમે ફાળો કરવા માંડ્યો છે, તે જાણ્યું છે. કૃપા કરી એવું કરવાની જરૂર ન હોય. મૌનએકાંતની જગા તદ્દન એકાંત હોવી ઘટે. સ્થળ નિર્જન-એકાંત હોય તે ઉત્તમ. પાસે નદી હોય અને પાણીની સરળતા-સગવડ હોય, વીજળી મળી શકે તેવી શક્યતા હોય. માટે, મૌનએકાંતની જગા માટે ઉતાવળ ન કરવી. આપણે તે બાજુ તપાસ કરી જે કરવાનું બનશે તે કાળે તેમ કરીશું. વળી,

તમારી રકમ અંગે જ્યારે માતાપિતાની, લોકલ બોર્ડવાળા ભાઈ, વિદ્યાબહેન વગેરેની હૃદયની સંમતિ પૂરેપૂરી ન મળી જાય ત્યાં સુધી તમારે તેમ કરવાનું નથી. તમે તો કલમને ગોદે લખ્યે મારો છો, તે ઠીક નથી. અતિ ઉત્સાહ અંતે તો મંદતાને પામે છે, તે લખી રાખશોજી. આપણે ઉત્સાહને સાધનાના ખપમાં લેવાનો છે, તે જાણશોજી. હીરાભાઈ કનેથી તેમના વડીલ ભાઈની સંમતિ વિના લઈ શકાય નહિ. તે પોતે કર્તાહર્તા નથી. વિવેક વાપર્યા વિનાનું કામ સાવ કથળી જતું હોય છે. મારે જગતમાં નકામું નકામું મૂર્ખામાં ખપવું નથી. માટે તમારે મારા ઉપર કૃપા કરવી. ❑

પ્રિય વિદ્યાબહેન,

જત, તમારો કાગળ મળ્યો છે. તમારા હૃદયનો સાચો પાકો સહકાર, સહચાર જો અમને મળી ગયો અને અમે જો અમારા માર્ગમાં સાચી નેક દાનતવાળા હોઈશું, તો તેવી તમારી મદદ તો અમને પ્રેરણા પ્રેર્યા કરવાની છે, તે જાણશોજી. તમારી સાચી મદદ વિના અમે ઠરીઠામ ક્યાં બેસવાના ? આ માનવીયોનિની રચનામાં પુરુષ અને પ્રકૃતિનું દ્વંદ્વ છે. તે બંનેનો જ્ઞાનયુક્ત સહકાર સુમેળ એકભાવનો જાગે ત્યારે જ ચેતનને અનુભવવાનું કામ શરૂ થાય. **સૂંઠને કાંકરે કંઈ ગાંધીડો થઈ ન શકાય.** માટે, તમે જીવનવિકાસનાં કાર્યમાં લાગી જાઓ. સર્વ પરત્વે સદ્‌ભાવ પ્રગટાવતાં પ્રભુકૃપાથી બની જાઓ, તો તો આનંદ આનંદ. તમારામાં જે હિંમત, સાહસ, બળ, શક્તિ અને ભાવ છે, તે હવે સાચા અર્થમાં

ખપમાં લગવાનાં છે. માટે, તમે પ્રભુકૃપાથી બરાબર મંડતા રહેજો. મારી મદદ તો તમારી કને જ છે. એને લેતાં આવડવાની કળા દરેક જણે શીખવાની રહે છે. ભીખુભાઈ અમારા અતિ ઉત્સાહી છે. અતિ ઉત્સાહ જો બરાબર કળાથી કામમાં ઉપયોગમાં વાપરતા ન આવડે તો કામને બગાડે પણ ખરો. માટે, અમારે તો જોઈતું નથી. જે કાળે જેમ બન્યા કરે તે જ ઉત્તમ. પ્રભુ સર્વ વાતે, સર્વ રીતે અને સર્વ ભાવે સમર્થ છે. આપણે તો કોણ માત્ર. માટે, તમે પ્રભુને ચરણે વળગી એની ભાવનામાં જીવતાં થજો, એ જ હૃદયમાંના અંતર્યામીને પ્રાર્થના છે. પૂજ્ય બાને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૩-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારા તા. ૩૦-૩ અને તા. ૩૧-૩ના બંને કાગળો મળ્યા છે. સાક્ષાત્કાર એટલે તો દ્વંદ્વ-રાગદ્વેષથી મુક્તિ થવી તે. દર્શન થાય કે લગ્ન થાય એટલે જેની સાથે થાય તેની સાથે એક થઈ જવાની લગની લાગવી. જો તમારું આ જીવ સાથે લગ્ન થયું હોય તો પછી એનામાં આપણો જીવ આઠે પહોર રમ્યા કરે છે કે કેમ ? તે બીજા કોઈને પણ જેની સાથે લગ્ન થયાં છે, તેના વિના બીજા કોઈને તે ઝંખે છે કે કેમ તે તપાસવું. જો તે એકલાનામાં જ આપણું મન રમ્યા કરતું રહે તો તો લગ્ન થયાં સાચાં, બાકી ખોટું સમજવું.

તે મિથ્યા કલ્પના છે એમ જાણવું. અનુભવના પણ પ્રકાર હોય છે. આપણે નમ્રતા તો પૂરેપૂરી જાળવવી. મોઢામાંનો નીકળેલો બોલ કેવા કેવા પડઘા પાડે તેનું જ્ઞાન સાધકને પ્રગટી ગયેલું હોવું ઘટે. વિદ્યાબહેનને પણ મૌનમાં બેસવાનું દિલ થયું તે તો ઉત્તમ. જે કોઈ મૌનમાં બેસે તેનાથી બહાર તો ન નીકળાય. ટટ્ટી-મળ, પેશાબનું કામ કોઈ હરિજન ભાઈ કને - અથવા ભીખુભાઈથી જો થઈ શકે તો તે કરે તો ઉત્તમ. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૫-૪-૧૯૫૪

પ્રિય બહેનશ્રી,

જત, તમારા હાથનો લખેલ કાગળ મળ્યો છે. તમે મૌનમાં બેઠાં તેથી મને તો ઘણું ગમ્યું છે. તમે તમારે નીડરતાથી જે લખવું હોય તે લખવું. તમે મને સીધું પત્રમાં જરૂર લખી શકો છો. આપણે માથે ધણી હોય તેથી શું થયું ? ધણીની આમન્યા આપણે સદ્‌ભાવથી પાળવાની હોય, પણ મૌનમાં તો જે જે બન્યું હોય, લાગ્યું હોય, તે તે લખવાથી કરી જો ધણીને માઠું લાગે અને તમને કંઈક અડચણ થાય, તો મારે તેવા ધણીને પણ જરૂર કહેવું પડે. માટે જરૂર લખવા વિનંતી. મને તો **'પ્રેમ સુધા વરસાવો'**વાળું ભજન ઘણું ગમ્યું. તે સાંભળવાથી તો ઓર વધુ મીઠાશ

મળે. માટે, હવે પ્રભુકૃપાથી મળવાનું અને સાથે રહેવાનું થાય તે વેળા તમે જરૂર સંભળાવજો. ભીખુભાઈ પ્રેમથી, ધીરજથી અને શાંતિથી કામ લે એમ મારે તેમને લખવું, એવાં તમારાં સૂચન પહેલાં જ મેં તેમને લખેલું છે. તેઓ અતિ ઉત્સાહી છે અને તેથી તેમણે તે બાબતમાં સંભાળવાનું છે. જોઈએ છે કે હવે તે ગુરુનું વચન કેટલુંક અને કેવુંક પાળે છે ! ❑

પ્રિય ભાઈશ્રી,

તમે ત્યાં રાંદેરમાં રહીને મૌન પાળવાનું જણાવેલું હતું, તે કાયમ જ રાખ્યું હશે, એમ માનું છું. સાધક જીવે ગમે તેમ પાળવાનું ન હોય, બલકે જે જે બોલ્યા હોઈએ તે મરણના ભોગે પણ પાળવાનું હોય. દસ દિવસમાં એક તો આપણે બહાર નીકળી પડ્યા. તે પછી મૌન રાખવાનું વિચાર્યું, તે પણ પાળી શક્યા ન હોઈએ, તો આપણા પછી ઢંગધડા શા ! લગ્ન થઈ ગયાં હોય, તોપણ તેની લગની તો જીવતી હોવી ઘટેને ? માટે, કૃપા કરીને બાકીના દિવસો ક્યાંક અવરજવર કર્યા વિના ત્યાં જ રહેશો અને મૌન પાકું જાળવશો અને નામસ્મરણમાં બસ મસ્તી અનુભવશો. જે જે તમારા બે સાથીદારોને મૌન લેવું હોય તો ભલે લે. પૂજ્ય બાને મૌનમાં અમારો સાથ છે, તેમ તેમને કહેશો. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, ।હરિઃૐ। તા. ૭-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૫-૪નો કાગળ મળ્યો છે. પૂજ્ય બાનું મૌન હાલમાં માંડી વાળ્યું તે ઉત્તમ થયું. પૂજ્ય બાપુજીને પહેલાં મળી લલ્લુભાઈની સંમતિ તે પહેલાં મેળવી લીધી હોત, તો તેમનાથી કદાચ બેસી શકાયું હોત. વિદ્યાબહેનને જે લખવું હોય તે ખુલ્લી રીતે લખવા દેવાનું તેમને તમે કહેશો. તમારે તેમાં પૂરી સંમતિ આપવી અને તમે રિસાઈ નહિ જાઓ અને માઠું નહિ લગાડો તેમ પણ ખરેખરી રીતે કહેવાનું છે.

નામસ્મરણ કરતાં કરતાં ભાવ પ્રગટે અને નાચવા-કૂદવાનું બને તે તો ઉત્તમ, પણ તેવો ભાવ આપણાં કર્મ, વહેવાર, વર્તનમાં ઊતરવો ઘટે છે. કર્મમાં સૂક્ષ્મ વિવેક પ્રગટવો ઘટે છે. કર્મને કઈ રીતે ઉત્તમમાં ઉત્તમ રીતે કરવું અને તે પ્રભુપ્રીત્યર્થે થાય તેમ વિચારવાનું છે.

મૌનના એકાવન દિવસ પૂરા થાય ત્યાં સુધી તો પાળ્યા જ કરશોજી. એમાં ફેર ન પડવા દેશોજી. મૌનનો હેતુ ઇંદ્રિયો જે બધી બહીર્મુખી છે, તે અંતર્મુખી થાય તે કાજેનો છે. ખાલી બોલવું જ નહિ તેટલું કે તેવા પ્રકારનું મૌન પૂરતું અને યોગ્ય પણ નથી. ઇંદ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ અને અહં બહારમાં ચરવાનું ન કરતાં અંદરમાં જ રામને ચિંતવે, મનન કરે, તેમાં જ લય પામી રહે, ત્યારે તે ઉત્તમ પ્રકારનું મૌન ગણાય. જો તમારાથી કોઈ સંજોગોમાં મૌન ન પાળી

શકાય તેવું લાગતું હોય અને વિદ્યાબહેનનું મૌન પૂરું થઈ જાય તો તે પછી (જો મૌન ન પાળવાનું થતું હોય તો જ) હવે કેરીગાળો આવ્યો, તો એક વર્ષનું ખર્ચ નીકળી શકે તેવો વહેવાર-વેપાર હાથમાં લેવાનું કરવાનું છે. બેસી રહ્યે કંઈ પાલવી ન શકે. તમે બે જણાં અને ત્રીજો મને ગણવાનો. ત્રણને એક વર્ષ ચાલે તેટલું કમાઈ લઈએ એવી જોગવાઈ કરીને વેપાર કરજો. જવાબ લખજો.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૮-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૬-૪નો કાગળ મળ્યો છે. જો લગ્ન કર્યાં હોય કે થયાં હોય તો કંઈક તો લક્ષણ હોવું ઘટેને ? તમે લગ્ન થયાં છે એમ અનુભવ કરીને અંદરથી બહાર નીકળી આવ્યા અને હવે તેવી લગ્નની લગની તો જણાતી નથી, તો પછી અમારે તમને શું કહેવું ? તમે અમારી સાથે લગ્ન કર્યું છે કે થયું છે, એમ વાત જાહેરમાં મૂકીને હવે તમે અમારા વિના બીજા બધાંનું વિચારો છો, તો તે નર્યો વ્યભિચાર જ કર્યો ગણાયને ? અને તે બેઈમાનદારી બેવફાઈ ગણાયને ? તે માટે પ્રમાણિક, વફાદાર અને નેક દાનતવાળાના દાખલાથી આપણે યોગ્ય અસર નથી નિપજાવી શકેલા. એક તો ૫૧ દિવસનું મૌન લીધું, તે ન પાળી શક્યા, બહાર નીકળીને મૌન પાળવાનું કર્યું, જણાવ્યું તે પણ ન

પાળી શક્યા અને ૫૧ દિવસ નામસ્મરણમાં તે તેની ભક્તિમાં જ ગાળવાના છે, તેવું નક્કી કર્યું અને તે પણ જો ન પાળી શકાતું હોય, તો પછી તમને લખ્યું છે તેમ જીવનવહેવાર નભે તેવાં કામમાં પ્રભુનું નામ લેતાં લેતાં તે કાર્ય કરવામાં રસ ધરાવવો ઉત્તમ છે. જો બાકીના દિવસોમાં મૌન પાળી એનું જ નામ લીધા કરવાનો દઢ નિશ્ચય કરી ત્યાં રહેવું હોય તો તેમ કરવામાં જીવનની શોભા છે. બાકી, વખત બગાડવામાં સાર નથી. લલ્લુભાઈ તેમની સમજણ પ્રમાણે સાચા છે, જ્યારે આપણે આપણી સમજણ પ્રમાણે સાચા નથી નીવડી શકતા. આપણી સમજણ પ્રમાણે આપણને તરી પાર નીકળી જતાં લોક જો ન અનુભવી શકે અને તેઓ પછી આપણને યોગ્ય રીતે ન સમજે, તો તેમાં એમનો દોષ ન ગણાય. માટે, જે કરીએ તે નિશ્ચયાત્મક રીતે અને તેવા ભાવથી વર્તીએ તેમાં કલ્યાણ રહેલું છે. માટે, કૃપા કરીને અમારા ઉપર કૃપા કરજો. તમારા વર્તન ઉપરથી લોક તો અમારું મૂલ્યાંકન કરવાના છે. તમે જેટલા અને જેવા દઢ નિશ્ચયવાળા રહેશો અને મૌન-સ્મરણમાં મસ્ત બન્યા કરશો, તો તે અમારી ઉત્તમ સેવા છે. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રમાણ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૦-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૭-૪નો કાગળ મળ્યો છે. જો તમારે બેસવાનું હોય તો પછી જે કરવાનું હોય તેનો પાકો નિશ્ચય

પ્રગટાવવો અને તે પ્રમાણે વર્તવું તે વર્તવું. એમાં મીનમેખ ફરક પડવા ન દેવો.

ભાઈ રણછોડલાલે ચોક્કસ આપણા પાંચેક સેટ વેચી આપવાનું કહેલું છે, તો તે કામ પણ થાય તેમ જોવા વિનંતી છે.

તમે શ્રીચૈતન્ય મહાપ્રભુજી વાંચવાનું શરૂ કરેલ છે, તે જાણ્યું છે. તેમાંથી આપણે હવે કેમ વર્તવું તેટલું જો જીવનમાં આચરાઈ શકાયું હોય, તો તો તરી ગયા સમજવું.

મૌનનું ઊંડું ઊંડું રહસ્ય કૃપા કરીને સમજશોજી. મૌનમાં આ જીવનાં તમને અમુક રીતે દર્શન થયાં હોય તે ખોટું ન હોય, પણ એવાં દર્શનથી શું વળે ? આપણે આપણી પ્રકૃતિ-સ્વભાવમાં ફેર-પલટો થાય તે અનુભવવું. માટે, આપણે ગજ તો એને જ રાખવાનો છે, તે જાણશોજી. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા પ્રણામ. ત્યાં સત્સંગમંડળને પણ પ્રણામ. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૨-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૯-૪નો એક્સપ્રેસ ડિલિવરીનો કાગળ રવિવારે ન મળી શક્યો. આજે સોમવારે મળ્યો. ચઢવું છે તે વાત તો નક્કી જ છે, પણ ચઢવું છે, ચઢવું છે એમ કરી ચઢવાનું એકએક એમ કરી પગલાં ભરવાં માંડવાની રમત-જહેમત જ જો ભુલાઈ ગઈ, તો તો બાર જ વાગી જાયને !

ભાઈલા ! માટે, હવે તો નામસ્મરણ પળવાર પણ ન ચુકાય તેવી રમત રમવાની છે. વિદ્યાબહેનનો સાથ શ્રીભગવાને કૃપા કરીને આપણને આપ્યો છે, તે કંઈ જેવી તેવી વાત નથી. મારે માટે તો ભગવાને પરમ કૃપા કરી દીધી. પ્રિય વિદ્યાબહેન, તમે મૌનમાં જેટલા દિવસ અંદર રહ્યાં છો, તેની લીલાની બધી હકીકત ઘણા મોટા અક્ષરોએ લખીને મને બારોબાર મોકલી આપજો. ભૂલશો નહિ. એટલું કામ જરૂર કરજો. ભીખુભાઈને નામસ્મરણ કરવામાં, કરાવવામાં અને તમે પણ તેમ કરવામાં હંમેશાં તત્પર રહેશોજી. પેલા નીરા કેંદ્રવાળા ભાઈનો મૌન કાજે કાગળ હતો, તેમને પણ મેં હા પાડી છે અને મુ. ભગતજીનો પણ કાગળ હતો, તેમને પણ હા પાડી છે. હીરાભાઈના તો હાલમાં સંજોગો તેવા નથી.

લિ. તમારા મોટાના સપ્રેમ પ્રણામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૪-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા.૧૦-૪નો કાગળ આજે મળ્યો. ભીખુભાઈ, લગ્ન કરીને જેની સાથે લગ્ન થયાં હોય, એની સાથે વફાદાર, પ્રમાણિક, એકદૃષ્ટિવાળા જો ન રહી શક્યા અને એના વિના બીજા બીજામાં મન, દિલ, પ્રાણ, અહં, બુદ્ધિ-રમ્યા કરે, તો તે વ્યભિચાર છડેચોક કર્યો ગણાય. છડેચોક વ્યભિચાર કરનારનો કોઈ ઇતબાર રાખે ખરું કે ? લગ્ન કરીને પછી અમારામાં દિલ રાખવાને આપણે તો મરીમથવું જોઈશેને ?

અમારામાં, એટલે કે ભગવાનની ભાવનામાં, મન ન કેમ રહે? એને વારેવારે ટકોરતા રહીએ, સંકોરતા રહીએ અને સંકેલતા રહીએ તો એ આપમેળે કરી ઠેકાણે રહે. અમારે માથે તો ઘણી ઘણી ઉપાધિ હતી. તમારે તો તેવી ઉપાધિ કશી નથી. માટે, કૃપા કરજો. જો લગ્ન કર્યાં હોય તો વફાદાર, પ્રમાણિક અને એનામાં જ રમ્યા કરવાનું બને અને એના જ રહેવાનું થાય તો તો લગ્ન ખરું. બાકી તો ગપોડું. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા પ્રણામ. અમારો સાથ તારામાં છે.

લિ. તમારા મોટાના સપ્રેમ પ્રણામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૫-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો કાગળ મળ્યો છે. એક દિવસના મૌનમાં તમને જે લાગ્યું અને સમજાણું હોય તે ખરું, પણ હરિનું સ્મરણ મૂકતા નહિ. **ભગવાનનું નામ લેવાનું થતાં કશું નુકસાન થવાનું નથી. જપને તો શ્રેષ્ઠ યજ્ઞ કહેલો છે. માટે, જપ કરતા રહેશો.**

પ્રિય વિદ્યાબહેન, તમારું લખાણ વાંચ્યું. મૌનમાં જે થાય તે બહાર ન થાય. મૌનમાં કંઈક અભિમુખતા હોય છે, અને અંતરમાં કંઈક નજર જતી હોય છે, કંઈક ભક્તિભાવના હોય છે. બહાર નીકળ્યા પછી તે બાબતમાં તો દેવાળું નીકળ્યું હોય છે. એ જ. ❑

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૧૨-૪નો કાગળ મળ્યો છે. ફરીથી મૌન લીધું હોય તો હવે પાછું મોં બંધ જ રાખશો. જો જો પાછું મૌનનું ભંગ થવાપણું ન બને ! જે વ્રત લઈએ તે મરણાંતે પણ પાળીએ અને તેમાંથી ડગીએ નહિ, તો જ નિશ્ચય બળવાન થાય. માટે બહાર રહ્યાં રહ્યાં મૌન પાળી પાળી હરિનું સ્મરણ મોટેથી તોપણ કરતા રહેજો. હરિનું સ્મરણ મોટેથી પણ થઈ શકે. ઈધરઉધર કશું પણ ન બોલી શકાય. એ જ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૭-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૧૫-૪નો કાગળ આજરોજ મળ્યો છે. ભાઈ ચંદ્રકાંતને હવે કેમ છે ? રમેશ ક્યાંક બહારગામ ગયો હોય એ આવી ગયોને ? પેલા પ્રેસવાળા ભાઈના હપ્તા આવ્યા કરે છેને ? પ્રભુકૃપાએ દિવાળી આ વેળાએ સુરત થવાની. દિવાળીના ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી અને બેસતું વર્ષ, કુરુક્ષેત્રમાં રહેવાનો વિચાર છે. તે પછી ત્રણેક દિવસ પૂજ્ય કાકાને ત્યાં, અને તે પછી અમદાવાદ આશ્રમે જ જવાનો. ભાઈ નંદલાલ તો સીધા જ ચાલ્યા જવાના. હું એકલો જ ઊતરવાનો. હાલ તો આવો વિચાર છે. તેમ છતાં પાછા ફરતી વેળાના જો સંજોગો જુદા હોય તો સુરત

ઊતરવાનું ન પણ બને, પણ કુરુક્ષેત્ર રહેવાનું દિલ છે, તેટલું તો નક્કી. જ્યાં આગળ શ્રીભગવાનનું નામ લેવાયા કરાય છે, ત્યાં અમારું દિલ રહે છે. આશ્રમમાં કેટલાં બધાં મૌન થયાં અને ત્યાં નંદલાલ રાતના અઢીના ઊઠ્યા તે અગિયાર લગી અને સાંજના સાડાપાંચથી સાડાસાત સુધી ભજનભાવ સાધનામાં રહ્યા કરે છે. માટે, અમારું ત્યાં રહેવાનું વધારે છે અને છપાવવાનું કામ પણ રહે છે.

વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૯-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૧૬-૪નો કાગળ મળ્યો છે. બધી જાતની ખબર આપતા રહેશોજી. પ્રભુને પળવાર પણ ભુલાયું, તો તે જીવનનું મૃત્યુ સમજવું, અહં ભાગ ન ભજવી જાય અને પૂરેપૂરી નમ્રતા કેળવાતી જાય તે લક્ષમાં રાખવાનું છે. મૌન તો પૂરેપૂરું પાળવાનું છે. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા પ્રણામ.

ટમેટાં, દૂધ, લીંબુનું પાણી, ખજૂર, દહીં, છાશ એ બધાં ઉપર શ્રી નારુશંકરભાઈએ રહેવું હોય તો મારી ના નથી. તેમને શું વાંચવું તે મેં લખી દીધું છે. એમ તેમને લખી જણાવશો.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્,　　| હરિઃૐ |　　તા. ૨૦-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

આજે ભાઈ ચૂનીલાલ તમાકુવાળાનો તાર આવ્યો કે બુધવારથી તા. ૨૧-૪થી તેઓ મૌનમાં બેસવાના છે અને આશીર્વાદ મંગાવ્યા છે. તે ઉપરથી તેમનો Reply Paid તાર હતો, તેમને Blessinqsનો તાર કર્યો છે. તે ઉપરથી સમજાય છે કે શ્રી નારુશંકરભાઈ બેસી શકેલા નહિ હોય. મુ. ભગતકાકાનું શરીર સારું હશે. શ્રી નારુશંકરભાઈ પ્રવૃત્તિવાળા રહ્યા અને તેમને કામ ગળે વળગેલું છે. તેથી, તે તેમનો પીછો કેમ કરી છોડી શકે ? માટે, ભાઈ ચૂનીલાલનું ગોઠવાઈ ગયું તે પણ ઉત્તમ થયું. શ્રી નારુશંકરભાઈને તેમના વિશેનો ઉલ્લેખ વંચાવશોજી. તેમને મેં જે લખેલું છે, તે ટીકારૂપે કે બીજા વ્યંગ્યમાં કંઈ લખ્યું નથી, પણ જેમ જે છે તેમ તે લખેલું છે. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા પ્રણામ. હીરાભાઈને કહેજો કે તેમના મોટા ભાઈ વિશે તથા ડૉ. જેભાઈ વિશે કાગળ લખતા રહેવાનું કહેલું, તે તેમ કશું કર્યું નથી ? ❑

કુંભકોણમ્,　　| હરિઃૐ |　　તા. ૨૧-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૧૯-૪નો કાગળ આજે મળ્યો છે. ભાઈ ચૂનીલાલ મૌનમાં બેઠા હશે. શ્રી નારુશંકરભાઈથી બેસી ન શકાયું હોય તેનો વાંધો ન હોય. જેવા એમના

સંજોગો. સંજોગોનો ધર્મ પણ યોગ્ય ભાવે અને ઉત્તમ રીતે બજાવવો જ રહ્યો. આપણે તેથી દિલમાં કશું પણ આણવાનું કે વિચારવાનું ન હોય. તમે તમારે પાકું મૌન પાળવાનું કરશોજી. સ્મરણ જીવતું કર્યા કરશોજી. પૂજ્ય બા મૌન લઈ શકવાનાં હોય તોપણ ઉત્તમ. આપણે તો કોઈને પણ કહેવા કરવા જવાનું ન હોય. જેને લેવું હોય તે લે. માટે, કૃપા કરી કોઈને પણ કંઈ ન કહેવામાં સાર છે. માટે, એ તો ઝંપલાવજો અને ઝુકાવજો. કાગળ લખવા કરવાની પણ શી જરૂર હોય? આ તો તમારો કાગળ આવે એટલે હું પણ લખું છું. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. સિદ્ધાર્થ, સુરતથી પસાર થાય કે તાર મને કરજો. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૨૪-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો કાગળ મળ્યો છે અને આજ તમે સિદ્ધાર્થ, પાર્ટી ઊપડ્યાનો તાર કરેલ, તે તાર પણ મળ્યો છે. મુ. ભગતકાકાના દીકરાને હરિસ્મરણ કરતાં કરતાં દર્શન થયાં, તે ઉત્તમ છે, પણ આપણે તો દર્શનથી પતતું નથી. પ્રકૃતિ ફેરવાય અને બદલાય ત્યારે વાત ખરી. ચૂનીભાઈને સાત દિવસથી વધારે નહિ. એ કહે તોપણ નહિ. જે કોઈ જેમ કરે તે મફત નહિ, પૈસા લેવા. તમારે તે રકમ ન રાખવી. દાનમાં ખર્ચવી. અને યજ્ઞ મફત ન થાય. **ધર્માદાનું** કે

**પારકાંનું મફત ખાઈને યજ્ઞ ન થઈ શકે.** આ પત્ર જેને તેને વંચાવજો. નંદુભાઈ પણ રકમ રાખતા ન હતા. સંઘમાં દાન કરી દેતા હતા. તમે પણ તે રકમ ત્યાં વાપરી દેવાનું કરશોજી. પ્રભુસ્મરણ કરતાં રહેવું. જો ત્યાં રહેવાનું દિલ થાય તો ત્યાં પણ રહી શકાય. જો શ્રી નારુશંકરભાઈ મૌનમાં બેસી શકે તેવું હોય તો તેમને ચૂનીલાલ પછી બેસાડજો, પણ ઓરડો બધો બે વાર ચૂનાથી ધોળાય અને એમાં ખૂબ ધૂપ કરજો. ધૂપ કરીને ઓરડો બંધ રાખવો. પુષ્કળ દેવતા હોય તેમાં ધૂપ નાખીને ઘણો ઘણો ધૂપ કરવો. ધોળાવવાનો ખર્ચ અને ધૂપનો ખર્ચ ચૂનીલાલ કને લેવાનો. વિદ્યાબહેનને સપ્રેમ પ્રણામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૨૬-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારો તા. ૨૨-૪નો કાગળ મળ્યો છે. ચૂનીભાઈનું મૌન પૂરું થતાં શ્રી નારુશંકરભાઈ જરૂર લે. તે અંગે તમને લખી ચૂકેલ છું. ડાહ્યાભાઈએ હપ્તા હજી નથી આપ્યા, તો આપણે તે વિશે તકાદો કરવાનો. અને મળે તે વેળા મને લખી જણાવશોજી. આજકાલ લોકને લઈ જવાની ગરજ હોય છે તેટલી ગરજ આપી જવાની તો હતી નથી. માટે, આપણે તકેદારી રાખવાની છે, તે જાણશોજી.

આપણાં પુસ્તકોના બીજા સેટો કાંતાબા અને હેમંતભાઈ આશ્રમે પહોંચે તે વેળા મંગાવી લેશોજી. અથવા બચુભાઈને

લખી રાખશો કે તેઓ કોઈ જતાં આવતાં દ્વારા સુરત મંગાવી મૂકે. દરેક વખતે એકાદ બે એકાદ બે સેટ થઈ આવતા રહે તો એમ કરતાં સાતઆઠ સેટ થઈ જાય. એટલે અમે આવીએ ત્યાં સુધી તેટલું થઈ જાય. બીજું, નામસ્મરણ ઉપર જેટલો ઝોક રખાય તેટલો ઉત્તમ. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. જેટલાંને મૌનમાં ત્યાં બેસાડાય તેટલું ઉત્તમ. અમને તમારા ક્યારે બનાવશોજી ? હજી અમારામાં તમારો જીવ-દિલ તો રહેતાં નથી. માટે કૃપા કરજો. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૨૮-૪-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૨૪-૪નો કાગળ મળ્યો છે. નદીમાં નાહવાની હકીકત જાણી. વિદ્યાબહેન ઓવારાનાં પગથિયાં ચઢી ઊતરી શક્યાં એ તો નવાઈની હકીકત. તેમને તેમ છતાં કશું જ ન થયું તે વળી વધારે આશ્ચર્યકારક ઘટના. પ્રભુકૃપાનું બળ કેવુંક કામ કરે છે ? તેઓ પણ હવે તો હરિનું નામ લેતાં થઈ ગયાં, તે જાણી ઘણો ઘણો આનંદ.

કાંતાબહેન હજી અહીં નથી આવ્યાં. તે તો હજી મુંબઈ છે. સિદ્ધાર્થ વગેરે તા. ૨૫-૪ની રાતે મુંબઈ પહોંચ્યા, અને તા. ૨૯-૪ની સવારે નીકળવાના અને તે પછી કાંતાબહેન અહીં આવવા નીકળશે. અહીં ક્યારે આવશે તે કશું નક્કી નથી.

તમારે તા. ૧૭મી મે સુધી મૌન પાળવાનું અને તે પછી પણ માત્ર ન છૂટકે જ બોલવાનું રાખવું. જેટલું મૌન

પળાશે તેટલું ઉત્તમ. હરિસ્મરણમાં મસ્ત રહ્યા કરવું. તે પછી શું કરવા ધારો છો, તે લખી જણાવશોજી. તે પછી જેટલા સેટ જેને જેને આપ્યા હોય તેનાં નાણાં ઉઘરાવી લેવાના છે. ભાઈ ખંડેરિયાને આજકાલ કાગળ લખીશ. તમે લખશો કરશો નહિ. બાકીનાનું બધું ઉઘરાવી લેજો.

બીજું, અહીં આશ્રમમાં જે જમીન નદીકિનારે હતી, તે બધી જમીન નદીમાંથી છેક ઉપર સુધી ઈંટોના ચણતરથી બંધાઈ ગઈ. અને એક સુંદર ઓવારો અને નદીમાં પાણી નીચે થઈને વહ્યું જાય અને ઉપર બેસી શકાય એવો પુલ અને ઉપર સવા બે ફૂટનો કઠેરો વગેરે બધું મઝેનું થઈ ગયું છે. ઓવારો કરાવવાને એક ભાઈએ એક હજારની રકમ આપેલી છે, તે જાણવા ખાતર. કલમી આંબા બધા થઈને ૩૭ વાવ્યા છે. જીવનમાં જેટલાં ફળ ખાધાં તેટલાંનું ઋણ તો ચૂકવવું રહ્યુંને? તમે જો એક હજાર એક પ્રભુકૃપાથી પૂરા કરી શકો તો, હવે અમદાવાદ આવવાનું થાય ત્યારે મેં જે પ્રાર્થનાઓ ગાઈ હતી તે છપાવવાનો ઈરાદો છે. હજારમાંથી બે ચોપડીઓ છપાય માટે, વધારે દોડધામ કર્યા વિના એ કામ પણ જેટલું થઈ શકે તેટલું કરશોજી. ત્યાં બધા સત્સંગી ભાઈઓને મારા સપ્રેમ રામ રામ. ભાઈ રઘુવરનો કાગળ હતો. તેને લખવાનું રહી ગયેલું. તેથી, તેને કહેશો કે હરિ:ૐ બરાબર સ્વીકારે. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. **'જીવનપોકાર'**નું પાનું ૩૭૯, ૩૮૦ અડધું વાંચી જશોજી. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ પ્રણામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૩૦-૪-૧૯૫૪

મૌન લેનાર ભાઈઓને,

જત, મૌનનો યજ્ઞ એ જીવનનો એક એવો પ્રસંગ છે કે તે દરેકને યાદ રહી જવાનો. યજ્ઞમાં બેઠા હોઈએ તે વેળા મફતનું કશું લેવાય નહિ તેમ ખવાય પણ નહિ. યજ્ઞમાં તો પોતાનું જ ખર્ચવું ઘટે. માટે જે જે ભાઈઓ બેઠા હોય, તેમણે જે આપવું હોય તે ભીખુભાઈને આપી દે. ભીખુભાઈ તે રકમ પોતે રાખવાના નથી. એ રકમ શેમાં ખર્ચવી તેનો ન્યાય તો ભીખુભાઈ કરી શકે, કારણ કે મૂળ મહેનત કરનાર તો તે છે.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૩-૫-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૨૯-૪નો કાગળ મળ્યો છે. હમણાં જે મૌનમાં બેઠેલા હોય તેમની રકમ તો એકઠી થવા દ્યો. તે પછી તેમને તે ક્યાં વાપરવી તેની સૂઝ ઊગશે.

આ જીવની ચેતનાશક્તિ વિશેના કંઈક ખ્યાલ-અનુભવ થતા જાય છે, તે આનંદની હકીકત છે. હવે રસ્તો ફંટાઈ તો નહિ જાયને? પણ આ બધું પતે એટલે વર્ષ દહાડો જીવનનિર્વાહ ચાલી શકે તેટલું કમાવાનું રહેશે, તે જાણશોજી.

પ્રભુના નામસ્મરણમાં પૂરેપૂરી લગની લાગી જાય, તે પછીથી અમારે તમને કશું કહેવાનું નહિ રહે. વિદ્યાબહેન હવે અમારાં રાજી રહે, તો તો તમારું સાથે રહેવાપણું પરમાણ.

આજે ભાઈ ખંડેરિયાને કાગળ લખું છું. બાકીનાની ઉઘરાણી બીજાઓ કને તમે કરતા રહેશોજી. ડૉ. મગનલાલ હવે મળે કરે તો તેમને મારા સપ્રેમ ઘણા ઘણા રામ રામ કહેશોજી. તમારે તા. ૧૮-૫ની સવારે બોલવાનું અને તે પણ ન છૂટકે જ. પછીથી કુરુક્ષેત્રમાં જો તમારાં બંનેની રહેવાની મરજી હોય અને રહેવાનું કરો તો ઠીક, બાકી, તે પછી તમે જઈ શકો છો. અને વળી કોઈ કોઈને મૌન લેવું કરવું હોય અને વધારે રહેવાનું થાય તોપણ ઠીક. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા પ્રણામ. કાંતાબહેન ટ્રિચિ બે દિવસ કાજે આવેલાં છે. ગુરુવારે મૌન લેશે. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૫-૫-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૩-૪નો કાગળ મળ્યો છે. સંગ્રામ તો જીવનમાં છે જ. સંગ્રામના પ્રકાર પણ પ્રત્યેક કક્ષાએ નોખા નોખા હોય છે. તમને જે સંગ્રામ લાગ્યો તે તો કશો જ વિસાતમાં ન ગણાય. સાધનામાં આગળ જતાં જતાં એવા તો કંઈક સંગ્રામને પ્રભુકૃપાથી વટાવવા પડે છે. હજી તમને ધ્યેયની બાબતમાં નિશ્ચિતતા પ્રગટેલી નથી. પહેલાં તો તે કામ કરો. તે વિના પ્રયત્ન એકધારા અને એક દિશામાં નથી બની શકવાના.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૩-૫નો કાગળ મળ્યો છે. પોતાની પ્રકૃતિનાં વલણોથી ચેતી ચેતી તે પ્રમાણે કર્મમાં પરોવાઈ ન જવાય તેની તો લાખોગણી કાળજી રાખવાની છે. આમાં તો ચેતી ચેતીને જીવવાનું છે. અને ચેત્યા નહિ તે મૂઆ જ પડેલા સમજવા. **આંખ અને મન સોએ સો ટકા નિર્મળ થયા વિના પ્રભુના માર્ગે જઈ જ ન શકાય.** શરીરની એકેએક ઇંદ્રિય, કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહં તે બધાં પવિત્રમાં પવિત્ર અને પ્રભુભાવથી ભરેલાં થાય ત્યારે જ અંતરાત્માનાં દર્શન થાય. માટે શરીરના એકેએક ભાગનો શુદ્ધ ઉપયોગ કરવાનો છે. એ જ.

લિ. તમારા મોટાના સપ્રેમ ઘણા ઘણા રામ રામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૦-૫-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૬-૫નો કાગળ મળ્યો. દિવાળીના દિવસોમાં ત્યાં આવવાનું વિચારેલું, પણ આ વખતે દિવાળીના દિવસો કબીર આશ્રમ નડિયાદવાળી જગાએ ગળાય તો ઉત્તમ. ત્યાં આગળ કંઈક રહેવા કાજેની વ્યવસ્થા થાય, તે કાજે ત્યાં કંઈક દોરીસંચાર થાય તો પ્રભુકૃપા જેમ કરાવે તેમ વર્તવું છે. આવતી સાલ અહીં આવવાનું નથી. તેથી, કુરુક્ષેત્રમાં દસેક દિવસ રહી શકાય તેવી રીતે એપ્રિલ મેમાં આવવાનું

કરીશું. જો તમને રાજીખુશીથી કબીર આશ્રમવાળી જગામાં આ દિવાળીના ચારેક દિવસ કે પાંચેક દિવસ વિદ્યાબહેન મારી સાથે રહેવા આવવાની સંમતિ આપી શકે તો આવજો. તમે અને હું એક બે જણ હોઈશું. ત્યાં સુધીમાં બહેન પણ નડિયાદ આવી ગઈ હશે. ત્યાં મૌનવાળાની જે રકમ મળે તે ગુરુપૂર્ણિમાના દિવસે અહીં એક હજાર દરિદ્રનારાયણને કાંજી ખવરાવવી છે, તો તેમાં તે રકમ બધાંની સંમતિ લઈને મોકલી આપજો. વિદ્યાબહેનને સપ્રેમ પ્રણામ. ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૩-૫-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

તમારો તા. ૧૦-૫નો કાગળ મળ્યો છે. તમે તા. ૧૬-૧૭ નીરાવનમાં રહી તા. ૧૮-૫ના રોજ કતારગામ પહોંચવાના તે જાણ્યું છે. અહીં કૃપા કરી કોઈએ આવવાની જરૂર ન હોય. સાથે રહેવાની મરજી છે, તો તે પણ પ્રભુ-કૃપાથી બનશે. કુરુક્ષેત્રમાં આ સાલની જેમ આવતી સાલ મૌનયજ્ઞ જમાવવો. ત્યાં આઠ દિવસ મારાથી રહી શકાય એવી રીતે કાર્યક્રમ પ્રભુકૃપાથી ગોઠવાશે તેમ કરીશું. અહીં આવવાની તો મનાઈ છે. અહીં રસોડું ખોલેલું નથી અને વિદ્યાબહેનને મૌનયજ્ઞની તકલીફ આપવી તે પણ યોગ્ય નથી. એ તો **'ઘેરબેઠાં ગંગા આવે'** ત્યારે જેટલું જ્ઞાનભક્તિપૂર્વક નવાય તેટલું નાહવું, ભાઈ ખંડેરિયાના હવે પચીસ બાકી

રહ્યા છે. તમે એમને કશું લખશો કરશો નહિ. મેં એમને આજે કાગળ લખ્યો છે. હવે તમે જેમને જેમને પુસ્તકો આપ્યાં કર્યાં હોય, તેમની કનેથી પૈસા ઉઘરાવી બૅંકમાં જમા કરાવી દેશોજી. પેલા હજારની રકમ જે ઉઘરાવવાની હતી તેમાં સંકલ્પ તાજો કરશોજી. કોઈને કશો આગ્રહ ન કરવો. વિદ્યાબહેને તમને આ વખતે આ મૌનયજ્ઞમાં ઉત્તમ મદદ કરી છે. શ્રી નારુશંકરભાઈ પણ લખતા હતા. એમની મારા ઉપર કૃપા થઈ, તે તો મોટી હકીકત. જાણે ચમત્કાર થયો. હશે, જેવી પ્રભુની લીલા. આ જીવને તો એટલી જ ઈચ્છા છે કે સહુ કોઈ શ્રીહરિનું સ્મરણ કરે. સર્વ કોઈ પવિત્ર ભાવ રાખે અને પવિત્રતા કેળવે. સંપૂર્ણપણે શુદ્ધ થયા વિના અને અખંડ બ્રહ્મચર્યનું પાલન થયા વિના ઈશ્વરી ભાવના કદી પણ ટકી શકે તેવું હોતું નથી. માટે તેવા પ્રયત્ન કરતા રહેશોજી. વિદ્યાબહેનને સપ્રેમ ઘણા ઘણા પ્રણામ. પેલા પ્રેસવાળા ડાહ્યાભાઈએ પૈસા ભરી દીધા છે ? ❑

કુંભકોણમ્, । હરિઃૐ । તા. ૧૮-૫-૧૯૫૪

પ્રિય ભાઈશ્રી,

જત, તમારા પંદર પંદરના એમ બે એમ.ઓ. મળ્યા છે. ગુરુપૂર્ણિમા ઉપર અહીંના લોક એક જાતની કાંજી બનાવે છે. તેવી કાંજી બનાવીને એક હજાર દરિદ્રનારાયણને જમાડવાની ઈચ્છા છે. તેમાં તમારી રકમ ખરચી નાખીશું.

વિદ્યાબહેનને સપ્રેમ પ્રણામ. હરિનું સ્મરણ સતત એકધારું ભાવપૂર્વક જીવતું થાય અને ઓછામાં ઓછું બોલાય તેમ વર્તજો. કંઈક કરતા રહેજો. કેરીની સિઝન તો ગઈ, તો હવેનું શું કરવું તે બતાવજો, એમ વિદ્યાબહેને મને પુછાવ્યું છે, તો હું ગમાર શું બતાવું ? કેમ કમાઈ લેવું તે કળા ભીખુભાઈને આવડે છે, તેમ તે (વિદ્યાબહેન)મને એકવાર કહેતાં હતાં. ❑

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

॥ હરિઃૐ ॥

## મૌનએકાંતમાં સથવારો

હું નમ્રતાથી કહું છું કે ભગવાનનું નામસ્મરણ પણ કરી શકાય એવી વસ્તુ છે. એને વળગી શકાય છે, પણ આજે ભાવના નથી. અને તેના પરત્વે ખરેખરું દિલ પ્રગટ્યું નથી. અહીં તો બ્રાહ્મણ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી બધા બેસી શકે. હમણાં નડિયાદમાં એક ૭૫ વર્ષના ડોસા બેઠા હતા. તેમની આંખે પણ દેખાય નહિ. મેં તેમને ભય પણ બતાવ્યો હતો કે અંદર બહુ મુશ્કેલી પડશે. છતાં ડગ્યા નહિ. અને મક્કમ નિર્ધાર કરીને બેઠા. મેં બેસતી વખતે કહ્યું હતું કે તમારી સાથે અંદર કોઈ હશે એ નક્કી માનજો. અમે મૌનમાં બેસનારનું પૂર્ણાહુતિના આગલા દિવસે નિવેદન લઈએ છીએ, તેમણે તેવા નિવેદનમાં લખ્યું છે, કોઈ દિવસ એકલાપણું લાગ્યું નથી.

- શ્રીમોટા

'મૌનએકાંતની કેડીએ', ચોથી આ., પૃ. ૬૮